સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની કલા અ…
સંસ્કૃતિને આવરી લેતો મનોરંજન કાર્યક્રમ.
-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

ગુજરાત સરકાર,
મજૂર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બકર-૧૯૭૮-૫૪૬૫૯ - છ,
સચિવાલય, ગાંધીનગર તારીખ. ૨૭-૯-૭૮.

વંચાણમાં લીધા :- નિયામકશ્રી, યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરનો તા. ૧૭-૭-૭૮નો અ.સ.પત્ર ક્રમાંક: વસપ-સના અ-૨૨૭૯-ધ.

ઠ રા વ:-
-:-:-:-

સામાજિક અને શૈક્ષણિક બંને પછાતવર્ગો માટેના બક્ષી પંચની ભલામણોનો સરકારે સંપુર્ણપણે સ્વીકાર કર્યો છે. બક્ષી પંચે, તેના અહેવાલના પ્રકરણ-૫ માં, ભલામણ ફકરો ક્રમાંક:૫.૨ માં જણાવેલ છે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના ઉત્કર્ષના પગલાં યોજવા પાછળનો મુખ્ય અને અંતિમ ઉદ્દેશ આ હોવો જોઈએ:-

"(ક) આ પછાતવર્ગોમાં પ્રગતિ માટેની કંઇક પ્રેરણા જન્માવવી અને તેઓ સમાજમાં કાયદેસરનું સ્થાન પ્રાપ્ત કરે એ માટે સમાનતાની ભાવના અને ઉત્સાહ પ્રગટાવવા.

(ખ) તેઓ રાષ્ટ્રની સામાજીક, આર્થિક અને સાંસ્કૃતિક અભ્યુદયમાં સૌની સાથો સાથ પોતાનો બરોબર ફાળો આપે એ માટે તેઓને તૈયાર કરવા."

૨. બક્ષી પંચની ઉપરોક્ત ભલામણને ધ્યાનમાં લઈને, બક્ષી પંચે સુચવેલ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની (૮૨ જાતિઓ /વર્ગો/જૂથોની) વિશિષ્ટ લોકકલા અને મુલ્યવાન સંસ્કૃતિને આવરી લેતો એક મનોરંજન કાર્યક્રમ ચાલુ વર્ષમાં અમદાવાદ ખાતે રજૂ કરવાનું સરકારે નક્કી કર્યું છે. આથી આ અંગેના મનોરંજન કાર્યક્રમ માટે રૂ. ૫૦,૦૦૦ (અંકે પચાસ હજાર પુરા)ના અંદાજીત ખર્ચને મંજૂરી આપવામાં આવે છે. આ ખર્ચમાં મંડળીઓને પુરસ્કાર, મંડળીઓનો પ્રવાસ ખર્ચ અને ભથ્થાં, તે અંગેનો બીજો ખર્ચ, સ્ટેજ લાઇટ, માઇક, બેઠક વ્યવસ્થા અને પરચુરણ તથા અન્ય આકસ્મિક ખર્ચનો સમાવેશ થશે.

૩. આ મનોરંજન કાર્યક્રમ અંગેની તમામ વ્યવસ્થા નિયામકશ્રી, યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કરવાની રહેશે. આ કાર્યક્રમ અંગેનો ખર્ચ, સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ મારફતે કરવાનો રહેશે.

૪. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર "૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-ચ-બીજી સામાજીક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ-બીજા કાર્યક્રમો-(૨)-એસ.સી.ડબલ્યુ.-સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને આરોગ્યગૃહ નિર્માણ અને બીજી યોજનાઓ માટે નાણાકીય સહાય" ખાતે ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવો.

૫. આ ઠરાવ, આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા.૧૪-૯-૭૮ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુ.વૃ.બક્ષી,
સેકશન અધિકારી,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી
વિકાસ વિભાગ.

પ્રતિ,

સમાજ કલ્યાણ નિયામકશ્રી,
ગુજરાત રાજ્ય, અમદાવાદ,
નિયામકશ્રી, યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,સચિવાલય,ગાંધીનગર,
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, સેકટર-૧૬, પાટનગર યોજના ભવન,ગાંધીનગર,
મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ,
આંતરિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ,
નાણાં શાખા, મ.સ.ક. અને આ.વિ.વિ.
બ શાખા, મ.સ.ક.અને આ.વિ.વિ.

નકલ જાણ અર્થે રવાના:-

મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
મંત્રીશ્રી (સમાજ કલ્યાણ)ના અંગત સચિવશ્રી,
સંસદીય સચિવશ્રી (સમાજ કલ્યાણ)ના અંગત મદદનીશશ્રી,
---
વિશિષ્ટ ફાઈલ-ક શાખા.